ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૧ ટકા ● સાંજે ૨૫ ટકા

# સિવિલમાં આઠમો માળ કોવીડ દર્દીઓથી હાઉસફુલ

## ગમે તે ઘડીએ ૭ મા માળે વોર્ડ કાર્યરત થાય તેવી સંભાવના

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં ફરીવાર કોરોના પાર્ટ -૨ શરુ થઈ ગયો છે. શહેરની સિવિલમાં હાલના સમયે ૫૫ થી વધુ દર્દીઓ કોરોના પોઝીટીવ સારવાર હેઠળ છે. ત્યારે આઠમો માળ કોરોના દર્દીઓથી ફુલ થઈ જતા તંત્રએ ૭ મો માળ પણ તૈયાર કરી દીધો છે. દર્દીઓ વધતા ૭ મો માળ ગમે તે ઘડીએ શરુ કરવામાં આવશે તે માટે સ્ટાફ પણ ફાળવી દેવામાં આવ્યો છે. જયારે એક થી ૬ માળ સુધી કાર્યરત વોર્ડ પણ ખસેડવાની કામગીરી ચાલી રહી છે. જેમાં ૬ ઠ્ઠા માળે ટીબી અને માનિસક બિમાર દર્દીનો વોર્ડ હતો, તે પહેલા માળે લઈ જવાયો છે. જયારે પહેલા માળે કાર્યરત બાળકોના વોર્ડને અન્યત્ર તંત્ર દ્વારા ખસેડવામાં આવ્યો છે.

કોરોનાને એક વર્ષ થઈ ગયું છે તેમ છતા તેનો કોહરામ ઓછો થયો નથી. હાલની સ્થિતિએ પણ કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. શહેર તેમજ ગામડામાં પણ કોરોનાએ માથુ ઉંચકતા તંત્ર ચિંતામાં ગરકાવ થઈ ગયું છે. રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૬૪૦ જેટલા કોરોના પોઝીટીવ કેસ નોંધાયા છે.જયારે ૪ દર્દીઓએ દમ તોડ્યો છે. કોરોના સંક્રમણ ધીમે ધીમે ગતિ પકડતુ હોય તેમ લાગી રહ્યું છે. શહેરના પાટનગરમાં પણ કોરોનાના કેસ વધતા જોવા મળી રહ્યા છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ મળતી માહિતી મુજબ ૫૫ થી વધુ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. આઠમો માળ હાઉસફુલ થઈ જતા ૭ મો માળે પણ પથારી તેમજ દવાઓ, સ્ટાફ અને ઓકિસજન સહિતની વ્યવસ્થા ઉભી કરી દેવાઈ છે. દર્દીને સારવારમાં કોઈ તકલીફ ન પડે તે માટે ખાસ તકેદારી લેવાઈ રહી છે. કોરોના પાર્ટ-૨ શરુ થઈ ગયો છે. કોરોના કાબુમાં કરવા માટે તંત્ર રાત દિવસ એક કરી રહ્યું છે. રાજયના કેટલાક શહેરમાં રાત્રી કર્ફયુ, ખાણીપીણીની લારીઓ બંધ, હોટલ-રેસ્ટોરન્ટ, બસ સેવા પણ બંધ કરી દેવાઈ છે. ત્યારે કોરોના વધતા જતા કેસ વચ્ચે પણ ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીના બ્યુગલ ફુંકાઈ ગયા છે. ત્યારે આગામી સમયમાં કોરોના પોઝીટીવ દર્દીઓના કેસ શહેરમાં વધશે કે કેમ તે તો સમય જ બતાવશે.



ઉનાળો શરૂ થયો નથી કે ગૃહિણીઓનું કામ વધી જાય છે. અનાજ-મસાલા ભરવાની સીઝન હોય ત્યાં વળી બટાકાની કાતરી, પાપડ બનાવવાની સિઝન ચાલુ થઈજાય. આખા વર્ષના મસાલા, અથાણાં અને પાપડ બનાવવાની પળોજણ મહિલાઓએ ઉનાળાના પ્રાંરભમાં જ કરવી પડે છે. સુરજ માથે ચઢે તે પહેલા ધાબા ઉપર ગૃહિણીઓ બટાકાની કાતરી, પાપડ સુકવતી નજરે ચઢી જાય છે.

## ચકલીનો માળો બનાવવાનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સચાલિત શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલમાં વિશ્વ ચકલી દિન ઉજવણી અંતર્ગત 'ચકલીનો



માળો બનાવવાનો વર્કશોપ' નો સેમિનાર નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા યોજાયો હતો. જેમાં ધોરણ-૭ અને ૮ની વિદ્યાર્થીની બહેનોએ ઓનલાઈન જોડાઈને સેમિનારમાં ભાગ લીધો હતો. આ વર્કશોપથી ઉત્સાહિત થઈને તેનું મોડલ બનાવી અને તેના ફોટોગ્રાફસ રજુ કર્યા હતા. શાળાની શિક્ષિકા શિલ્પાબોન ત્રિવેદીએ આ માર્ગદર્શન પુરું પાડયું હતું. શાળાના આચાર્ય નીરૂબેન પટેલે તેમને અભિનંદન પાઠવ્યા હતા.

## સેકટર-૨૧ લક્ષ્મી બેકરી સામે માર્ગ પરથી એકટીવાની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ લક્ષ્મી બેકરી સામે માર્ગ પર પાર્ક કરેલા એકટીવાની ચોરી થવા પામી છે. એકટીવા પાર્ક કરીને વડીલ લક્ષ્મી બેકરીના પાછળના ભાગે મધુરની ગીફટ લેવા માટે ગયા હતા. તે પરત ફરે ત્યાં સુધીમાં તો એકટીવાની ચોરી થઈ ગઈ હતી. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે રૂ.૨૦ હજારના એકટીવા ચોરી અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૪ એકતા કોલોની પ્લોટ નં.૬૫૩ ખાતે રહેતા ભરતસિંહ વાઘેલા (ઉં.૭૮) ગત તા.૨૦ ના રોજ સવારના ૧૧ વાગ્યાના અરસામાં પોતાનું એકટીવા નં જી.જે.૧૮.સી.એન.-૮૪૪૬ લઈને સેકટર-૨૧ લક્ષ્મી બેકરીની પાછળ મધુર ખાતે ગીફટ લેવા માટે ગયા હતા. દુકાન બંધ હોવાથી વડીલ પરત ફર્યા હતા. પરંતુ વડીલે પોતાનું એકટીવા લક્ષ્મી બેકરીની સામે માર્ગ પર પાર્ક કર્યું હતું. ગણતરીની મિનીટોમાં એકટીવાની ચોરી થઈ છે. શહેરમાં વાહન ચોર ટોળકી એ ફરીવાર માથુ ઉંચક્યું હોય તેમ લાગી રહ્યું છે. આંતરે દિવસે શહેરના ભીડભાડવાળા સ્થાનો પરથી વાહનોની ચોરી થાય છે.

## જમીયતપુરા કેનાલમાંથી મળી આવેલા મહિલાના મૃતદેહની ઓળખ થઈ

### મહિલા રાજસ્થાનની હોવાનું અને માનસિક બિમાર હોવાથી દવા લેવા અમદાવાદ આવ્યા હતા, ચાંદખેડા સંબંધીને ઘરે રોકાયા હતા

ગાંધીનગર, તા.૨૨

તાજેતરમાં જમિયતપુરા નર્મદા કેનાલમાંથી એક અજાણી મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. આ મહિલાના મૃતદેહની ઓળખ થઈ ચુકી છે. મૃતક મહિલા રાજસ્થાનના હોવાનું અને માનસિક રીતે બિમાર હોવાથી દવા લેવા માટે પરિવાર સાથે અમદાવાદ આવ્યા હતા. બનાવની વિગત મુજબ તા.૧૮ માર્ચના રોજ જમિયતપુરા ગામની સીમમાંથી નર્મદા કેનાલમાંથી અજાણી મહિલાની મૃતદેહ મળી આવ્યો હતો.ઘટના અંગે જાણ થતા અડાલજ પોલીસે મૃતદેહને બહાર કઢાવીને અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો હતો. મહિલા પાસેથી ઓળખ આપે એવી કોઈ ચીજવસ્તુ મળી આવી ન હતી. જેથી પોલીસે મહિલાના વાલી વારસોની શોધખોળ શરુ કરી હતી. જેમાં કોઈ સફળતા ન મલતા સોશ્યલ મિડીયામાં માહિતી અને ફોટો શેર કરાયો હતો. આ ફોટો જોઈને અમદાવાદના ચાંદખેડા ખાતે રહેતો એક પરિવાર પોલીસ મથકે આવી પહોચ્યો હતો. જેમાં મહિલા રાજસ્થાનના ડુંગરપુરના સાગવાડા ગામના ઉષાબેન મુકેશભાઈ ચંદાણી (મકાન નં.૧૪૩ લક્ષ્મીભવન કેશવનગર) હોવાનું ધ્યાને આવ્યું હતું. જવેલરીનો હોમ ડિલિવરીનો વેપાર કરતા મુકેશભાઈ ચંદાણીને પરિવારમાં ૧૧ વર્ષનો દિકરો અને પત્ની ઉષાબેન હતા. છ માસ અગાઉ તેમને માનસિક બિમારી થતા તેઓએ રાજસ્થાનમાં અનેક ડોકટર્સને બતાવ્યું હતું. રાજસ્થાનથી તેઓ અમદાવાદ ખાતે સારવાર માટે આવ્યા હતા. ચાંદખેડા ખાતે સંબંધીને ત્યાં રાત્રી રોકાણ બાદ તા.૧૮ માર્ચના રોજ ઉષાબેન સવારે મંદિર જવાનું કહીને ઘરેથી નીકળી ગયા હતા. તેઓ ઘરે પરત ન ફરતા પરિવારના સભ્યોએ શોધખોળ આદરી હતી. ત્યારે અચાનક તેમનો મૃતદેહ જમીયતપુરા નર્મદા કેનાલમાંથી મળી આવતા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. અડાલજ પોલીસે મહિલાના આપઘાતનું કારણ જાણવા માટે તપાસ શરુ કરી છે.

## વાવોલની વૈદેહી-૨ ખાતે વેકિસનેશનલ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

વાવોલની વૈદેહી-૨ રેસિડેન્સી સોસાયટી ખાતે આજે મોટી આદરજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સહયોગથી કોરોના વેકિસનેશન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ૭૮ લાભાર્થીઓએ રસી લીધી હતી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના વંદનાબેન, ફરઝાનાબેન, નિરજભાઈ તથા ડૉ. હર્ષિલભાઈએ સેવા પુરી પાડી હતી. કાર્યક્રમનું સંચાલન સોસાયટીની કારોબારી સમિતિ તથા સભ્યોના સહકારથી કરાયું હતું. જેમાં લાભાર્થીઓ માટે ચા-પાણીની સેવા પણ પુરી પાડવામાં આવી હતી.

## ગોવા હિન્દી સાહિત્ય અકાદમી દ્વારા ગુજરાત રાજ્ય સ્તરીય આયોજિત હિન્દી સાહિત્ય સંમેલન

ગાંધીનગર, તા.૨૨

ગોવા સાહિત્ય અકાદમી દ્વારા એપ્રિલ મહિનામાં એક ગુજરાત રાજ્ય સ્તરીય હિન્દી સાહિત્ય સંમેલન નું આયોજન હિન્દી સાહિત્ય ના પ્રચાર પ્રસાર માટે તથા સાહિત્યકાર, શિક્ષણ પ્રેમી અને કલાકારોના સન્માન માટે આયોજિત કરવામાં આવ્યું છે.

આ સંમેલનમાં ગુજરાતના હિન્દી સાહિત્યકાર, કલાકાર ભાગ લઈ શકશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. આ કાર્યક્રમમાં કુલ ૧૦૦ લોકો ભાગ લઈ શકશે.

આ સંમેલન ના ગુજરાતના સરદાર વલ્લભભાઈ પટેલ વિશ્વ વિદ્યાલયના પ્રોફેસર ડૉ પાર્વતી ગોંસાઈને અધ્યક્ષ નિમવામાં આવ્યા છે તથા ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરીટ્રેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી ડૉ. ગુલાબચંદ પટેલને સમન્વયક તરીકે નિમવામાં આવ્યા છે.

આ કાર્યક્રમમાં ગુજરાત ના સાહિત્ય પ્રેમીઓ, શિક્ષા પ્રેમીઓ તથા કલા પ્રેમીઓને હિન્દી સાહિત્યના પ્રચાર પ્રસાર માટે સહભાગી થવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ગલુદણ પાટીયા પાસે અજાણ્યા વાહનની અડફેટે બાઈક ચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૨

ગલુદણ પાટીયા નજીક રાજશ્રી વે બ્રિજ પાસે અજાણ્યા વાહનની અડફેટે બાઈક ચાલકનું મૃત્યું નિપજયું છે. બાઈક ચાલકને શરીરે ગંભીર ઈજા પહોંચતા ૧૦૮ દ્વારા સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા.જયાં ફરજ પરના તબિબે તેઓને મરણ જાહેર કર્યા હતા. બનાવ અંગે પોલીસે મૃતકના ભાઈની ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના લીંબ ગામના ભગતસિંહ ચૌહાણ અમદાવાદ એરપોર્ટ ખાતે ખાનગી કંપનીમાં ફરજ બજાવે છે. સવારે ૧૧ થી રાત્રીના ૧૦ કલાક સુધી તેઓ ફરજ પર હોય છે. તેઓ ઘરેથી નોકરી બાઈક લઈને અપડાઉન કરતા હતા. ત્યારે ગત તા.૨૦ ના રોજ રાત્રીના ૧૧ વાગ્યાના અરસામાં ગલુદણ પાટીયા નજીક રાજશ્રી વે બ્રિજ નજીક ભગતસિંહના બાઈકને અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ભગતસિંહ માર્ગ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી એકઠા થયેલા સ્થાનિક નાગરીકોએ ૧૦૮ દ્વારા તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર મોકલી આપ્યા હતા. પરંતુ શરીરે ગંભીર ઈજાઓને પગલે ભગતસિંહનું મૃત્યું નિપજયુ હતુ. બનાવની જાણ ગામમાં અને પરિવારના સભ્યોને થતા તેમના પર આભ તુટી પડ્યું હતું. મૃતકના ભાઈની ફરીયાદ નોંધી પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ગરવી ગુજરાત પાર્ટીની બેઠકમાં સંગઠનના હોદ્દેદારોની વરણી



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીઓમાં આ વખતે ગરવી ગુજરાત પાર્ટી પણ ઝંપલાવી રહી છે અને આ સંદર્ભે રવિવારે પાર્ટીની એક બેઠક યોજાઈ હતી. જેમાં સંગઠનના સભ્યોની નિમણુંક કરવામાં આવી હતી તેમજ આગામી રણનીતિ અંગે ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

ગરવી ગુજરાત પાર્ટીની બેઠકમાં ગાંધીનગર જિલ્લા યુવા પ્રમુખપદે સરગાસણના કરણ કેશાજી ઠાકોર, શહેર યુવા પ્રમુખપદે હિતરાજસિંહ વાઘેલા, શહેર યુવા ઉપ્રમુખ પદે દીપ જીજ્ઞેશભાઈ પટેલ, શહેર મહિલા પ્રમુખ પદે ઋષિકા ચક્રવર્તી વગરેની નિમણુંક કરવામાં આવી હતી. આ સાથે ઉમેદવારો જાહેર કરાયા જેમાં વોર્ડ નં.૮માં ધર્મેશ ઠાકોર, મનહરબા ગઢવી તથા જિજ્ઞાબેન પટેલ તેમજ વોર્ડ નં. ૬ માટે મંજુલાબેન વાઘેલા, પ્રજ્ઞાબેન યાદવ અને હિતેશ સોલંકીની જાહેરાત કરવામાં આવી હતી.



જીપેટ (ગ્રેજ્યુએટ ફાર્મસી એપ્ટીટ્યુડ ટેસ્ટ) પરીક્ષા એ ફાર્મસીમાં માસ્ટર્સ કોર્ષમાં એડમીશન લેવા માટેની નેશનલ લેવલની પરીક્ષા છે. આ પરીક્ષા પાસ કરવાથી દર મહીને ભણવા સાથે ૧૨૫૦૦ રૂ. Stipend મળે છે. જીપેટ (ગ્રેજ્યુએટ ફાર્મસી એપ્ટીટ્યુડ ટેસ્ટ) પરીક્ષા નેશનલ ટેસ્ટીંગ એજંસી દ્વારા તા ૨૭.૦૨.૨૦૨૧ ના રોજ લેવામાં આવી હતી. જેનુંપરિણામ ૧૯ માર્ચના ૨૦૨૧ના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. આ પરીક્ષા માટે ભારતભરમાંથી કુલ ૪૭૯૪૨ ઉમેદવારો નોંધાયા હતા. સરસ્વતી ઈન્સટીટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સીસ ના ૪ વિદ્યાર્થીઓએ આ પરીક્ષાને સારા રેન્ક સાથે પાસ કરી હતી. ઉમંગ દેસાઈ, સ્મીત અગ્રવાલ, નૈમિલ કડિયા અને પ્રિતિ મોદીએ આ પરીક્ષામાં સમગ્ર ભારતમાં અનુક્રમે ૧૦૩૯, ૧૦૧૮, ૩૯૦૨ અને ૩૯૯૭ ક્રમ સાથે ઉતીર્ણ કરેલ છે જે બદલ સંસ્થા દ્વારા તેમણે અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# સરગાસણ વિસ્તારમાં ઉભરાતી ગટરથી વસાહતીઓ ત્રાહિમામ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના સરગાસણ ચાર રસ્તા નજીકના વિસ્તારમાં વારંવાર સ્વચ્છતા જાળવણી પ્રત્યે બેદરકારી અને ગંદકીની ફરિયાદો ઉઠવા પામી રહી છે. અત્યારે આ વિસ્તારમાં ગટરો ઉભરાવાની સમસ્યા સ્થાનિક રહીશો માટે માથાના દુ:ખાવા સમાન બનવા પામી છે અને આ વિસ્તારની ત્રણેક સોસાયટીના રહીશો ઉભરાતી ગટરની ગંદકીથી પરેશાની ભોગવી રહ્યા છે.

સરગાસણ ચાર રસ્તા નજીકના ટીપી-૯ વિસ્તારમાં સ્થાપન-૧, પ્રમુખ લોટસ તેમજ દેવકૃપા રીધમ વગેરે સોસાયટી આગળ એક ગટર ઘણા દિવસોથી ઉભરાઈ રહી છે અનો આ ઉભરાતી ગટરના દુર્ગંધયુકત દૂષિત પાણીથી આ વિસ્તારના રહીશો ત્રાહિમામ પોકારી ગયા છે. ગટરના ગંદા



પાણીના મોટા ખાબોચિયાં ભરાવાથી સમસ્યા વધુ વકરવા પામી છે અને સમગ્ર વિસ્તારમાં આ ગંદકીના કારણે રોગચાળો ફેલાઈ શકે તેવી દહેશત ઉભી થવા પામી છે. ગાંધીનગરના નવા અર્બન વિસ્તાર તરીકે વિકાસ પામેલા અને હવે મહાનગર પાલિકામાં પણ સમાવિષ્ટ સરગાસણ ચાર રસ્તા પાસેના આ વિસ્તારમાં ગુડા દ્વારા રોડ-રસ્તા-ગટર-પાણી વગેરેની વ્યવસ્થા સંભાળવામાં આવી છે અને હવે મનપામાં સમાવેશ થઈ ગયો હોવા છતાં હજુ પણ આ સુવિધાઓ બાબતે લોલમલોલ જોવા મળી રહ્યું છે જેના કારણે રહીશો હાલાકી ભોગવી રહ્યા છે. ઉભરાતી ગટરથી નર્કાગાર જેવી બનોલી સ્થિતિથી આ વસાહતીઓ ત્રસ્ત છે જેથી આ સમસ્યા સત્વરે ઉકેલાય તેવી માંગ આ વિસ્તારના રહીશોમાં ઉઠવા પામી છે.

## જન્મદિને વધામણી



સી કે મેસરિયા
મો. ૯૯૨૪૧ ૨૨૪૮૩



દેવ્યાની સરવૈયા
મો. ૭૮૦૦૧ ૮૯૨૨૯



પ્રણવ દિગીશકુમાર રાજ

## બાસણ ગામે પાણીની ટાંકી પાસે જુગાર રમતા ચાર ઝડપાયા

ગાંધીનગર, તા.૨૨

બાસણ ગામે પાણીની ટાંકી પાસે રાત્રીના સમયે જુગાર રમતા ચાર જુગારી ઝડપાયા છે. પોલીસે જુગારીઓના દાવ પરથી અને અંગજડતી થી મળીને કુલ રૂ.૧૧,૧૩૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ ડભોડા પોલીસ મથક વિસ્તારમાં પોલીસ જવાનો રાત્રી દરમિયાન પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે સમયે તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે બાસણ ગામે પાણીની ટાંકી પાસે કૃત્રિમ લાઈટના અજવાળે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા જુગાર રમી રહેલા બાસણ ગામના ઠાકોરવાસ ખાતે રહેતા મહેન્દ્ર પ્રતાપજી ઠાકોર, ઘનશ્યામસિંહ ભુપેન્દ્રસિંહ વાઘેલા, કલ્પેશસિંહ બકુલસિંહ વાઘેલા અને શ્રવણ વાલાભાઈ ઠાકોરને રંગેહાથ પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૧૧,૧૩૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. મકવાણા નટવરભાઈ રમણભાઈ** ઉ.વ. ૫૪, સેકટર-૨૯
- **સ્વ. પંડયા પ્રવિણાબેન મહાશંકર** ઉ.વ. ૭૨, સેકટર-૨૧
- **સ્વ. વાઘેલા સાજનબા મહિપતસિંહ** ઉ.વ. ૭૭, પેથાપુર
- **સ્વ. ગાંધી દેવેશકુમાર રમેશચંદ્ર** ઉ.વ. ૫૦, કલોલ
- **સ્વ. ભટ્ટ ઉમાબેન વિજયકુમાર** ઉ.વ. ૬૪, સેકટર-૨
- **સ્વ. ઠાકોર મણીબેન શકરાભાઈ** ઉ.વ. ૫૩, વાસણાચૌધરી, દહેગામ
- **સ્વ. સથવારા અંબાલાલ ઈશ્વરભાઈ** ઉ.વ. ૭૮, સેકટર-૬

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- **સ્વ. પટેલ વિઠ્ઠલભાઈ ભોલીદાસ** ઉ.વ. ૭૩, શીરપુરા, લોદરા
- **સ્વ. શર્મા ધર્મિષ્ઠાબેન સેંધાભાઈ** ઉ.વ. ૬૭, રાયસણ
- **સ્વ. પરમાર અભેસિંહ નાથુસિંહ** ઉ.વ. ૬૭, વણઝરીયા, કપડવંજ